# આજથી બોર્ડ-નિગમના કર્મચારીઓના આંદોલનનો પ્રારંભ


## કર્મચારીઓને ૨૦ મહિનાથી એરીયર્સની રકમ મળી નથી

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત રાજયમાં ૫૪ જેટલા બોર્ડ-નિગમો અને ૧૬૨ નગરપાલિકાના હજ્જારો કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ આપ્યો છે. જેમાં ૮ મહિનાનું બાકી એરીયર્સ ત્રણ હપ્તામાં ચુકવવાનો નાણા વિભાગે પરિપત્ર કર્યો છે. તેમ છતા ૨૦ મહિના થવા છતા કર્મચારીઓને એરીયર્સની રકમ નહીં ચુકવાતા બોર્ડ નિગમના કર્મચારીઓ સરકારની ભાગલાવાદી નિતીનો વિરોધ કરશે. તા.૧ ઓકટોબરના રોજ સરદાર સરોવર નર્મદા નિગમ બ્લોક નં-૧૨ નવા સચિવાલય ખાતે કર્મચારીઓ બપોરે ૨ થી ૨.૩૦ કલાક દરમિયાન સુત્રોચ્ચાર કરશે.

રાજય સરકારના બોર્ડ નિગમના કર્મચારીઓને નાણા વિભાગે ૮ માસનું એરીયર્સ ત્રણ હપ્તામાં ચુકવવાનો પરિપત્ર કર્યો હતો. તેમ છતા નિગમના કર્મચારીઓને એરીયર્સ ચુકવાતું નથી. રાજયના ૫૪ બોર્ડ અને ૧૬૨ નગરપાલિકાના કર્મચારીઓને ૭માં પગારપંચનો લાભ આપવામાં આવ્યો છે. પરંતુ નાણા વિભાગ દ્વારા નિગમના કર્મચારીઓ સામે ઓરમાયું વર્તન દાખવી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. કર્મચારીઓએ એરીયર્સની ચુકવણી નહી થતા સરકાર સામે અનેકવાર રજુઆત કરાઈ છે, પરંતુ સરકાર ધૃતરાષ્ટ્રની ભુમિકા ભજવી રહી છે. જેથી કર્મચારીઓએ આંદોલનનું રણશીંગુ ફુકયું છે, તા. ૧ ઓકટોબરથી સતત ૨૨ તારીખ સુધી વિવિધ કચેરીઓ ખાતે બપોરે ૨ થી ૨.૩૦ કલાક સુધી કર્મચારીઓ એકઠા થશે અને સરકારની ભાગલાવાદી નિતીનો સુત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવશે તેમ કર્મચારી મહામંડળના પ્રમુખ પ્રવિણભાઈ સુતરીયાએ જણાવ્યું છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સ્વાઈન ફ્લુથી એકલ-દોકલ મૃત્યુ થાય છે, પણ કાકા આ જુઓ.. !! સ્વચ્છતાને કારણે ત્રણ લાખ બાળકો બચી ગયા...!!

# મધ્યાહન ભોજન મહામંડળના હોદેદારોએ ઈચ્છા મૃત્યુ માટે રાજ્યપાલશ્રી પાસે મંજુરી માંગી !

ગાંધીનગર, તા.૩૦

મધ્યાહન ભોજન યોજનામાં ફરજ બજાવતા કર્મચારીઓની છેલ્લા ઘણા વર્ષોથી પડતર માંગણીઓ છે. જેનો આજદિન સુધી ઉકેલ આવ્યો નથી. મધ્યાહન ભોજન યોજનાના કર્મચારી મહામંડળના હોદેદારોએ ૭૨ કલાકના સત્યાગ્રહ છાવણી ખાતે ઉપવાસ કર્યા હોવા છતા ન્યાય ન મળતા ગાંધી જયંતિના દિવસે સ્વૈચ્છીક ઈચ્છા મૃત્યું કરવાની મધ્યાહન ભોજન મહામંડળના હોદેદારોએ ચિમકી ઉચ્ચારી છે. જયારે ઈચ્છા મૃત્યું કરવા માટે રાજયપાલની મંજુરી મેળવવામાં આવશે. જયારે આ અંગે રાજયના મુખ્યમંત્રીને પણ આવેદન પત્ર કર્મચારીઓએ આપ્યું છે.

રાજયમાં મધ્યાહન ભોજન યોજનામાં ફરજ બજાવતા કર્મચારીઓને લઘુતમ વેતન આપી કાયમી કરવા તથા યોજનામાં એનજીઓ દાખલ ન કરવી, બાળકોને નાસ્તો આપવાનો જીઆર રદ કરવો, વયમર્યાદાના કારણે નિવૃત થયેલા કર્મચારીઓના વારસદારોને યોજનામાં નિમણુંક આપવી, પગારમાં અનિયમિતતા દુર કરવી સહિતના પ્રશ્ને યોજનાના કર્મચારીઓ ઘણા સમયથી લડત ચલાવી રહ્યા છે. તાજેતરમાં શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે મહામંડળના હોદેદારોએ ૭૨ કલાકના ઉપવાસ કર્યા હતા. તેમ છતા સરકાર દ્વારા કર્મચારીઓની માંગણીઓ ને સાંભળવામાં આવી નથી. જેથી મધ્યાહન ભોજન યોજનાના હોદેદારોએ આગામી બીજી ઓકટોબરના રોજ સ્વૈચ્છીક ઈચ્છા મૃત્યું કરશે અને આ અંગે રાજયપાલની મંજુરી મેળવવામાં આવશે તેમ રાજય મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહામંડળના પ્રમુખ ચંદન સિંહ વાઘેલાએ જણાવ્યું છે.

# ચિલોડાના અક્ષર કોમ્પ્લેક્ષમાંથી કપડા ચોરતી ગેંગ ઝડપાઈ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર નજીક ચિલોડા સર્કલ સ્થિત અક્ષર કોમ્પ્લેક્ષની એક કપડાની દુકાનમાં ચોરી કરવા આવેલ ત્રણ શખ્સોને દુકાનમાલિકે ચોરીના સામાન સાથે પકડી પાડયા હતા અને પોલીસને બોલાવી તમામને પોલીસને સોંપી દીધા હતા. ચિલોડા પોલીસે ચોરીના બનાવ મામલે એક મહિલા અને બે પુરુષ સહિત ત્રણ શખ્સોની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અુસાર ચિલોડા સર્કલ નજીક અક્ષર કોમ્પ્લેક્ષ આવેલું છે. જયાં ભારતીબેન ચંદુભાઈ નાથાણીની માલિકીની જય અંબે ફેશનની રેડીમેડ કપડાની દુકાન આવેલી છે. આજે બપોરે દોઢ વાગ્યાના સુમારે રીક્ષા નં. જીજે ૨૭ ડબલ્યુ ૫૯૩૮માં સવાર થઈ નાશીર મહંમદ પઠાણ (રહે. કાલુપુર) રીફક મહંમદ શેખ (રહે. દાણી લીમડા) અને સમીનબાનો અબ્દુલ રજાક સૈયદ(રહે. શાહઆલમ) જય અંબે ફેશનમાં કપડાની ખરીદી કરવા આવ્યા હતા. દુકાનમાલિકે રેડીમેડ કપડા આ ત્રણેય ખરીદારને બતાવ્યા



હતા. દુકાનમાલિકની નજર ચુકવી સમીનાબાનોએ ૬ નંગ લેડીઝ કુર્તીની ચોરી કરી છૂપાવી દીધી હતી. અચાનક દુકાન માલિકને ચોરી અગે શંકા જતા ત્રણેય ખરીદારને ઉભા રાખી તપાસ કરી હતી જેમાં મહિલા પાસેથી ચોરી કરેલી કુર્તીઓ છુપાડેલી મળી આવી હતી.

દુકાન માલિકે તુરંત જ આ મામલે ચિલોડા પોલીસને જાણ કરતા પોલીસે ઘટના સ્થળે આવી તમામ આરોપી અને રીક્ષા સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ મામલે ચિલોડા પોલીસે તમામ ત્રણેય આરોપી સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# વકીલોની હાલાકી દુર કરવા માટે રેવન્યુ ઓથોરીટીની મુખ્યમંત્રી સમક્ષ માંગણી

ગાંધીનગર, તા.૩૦

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન દિપેન કે. દવે, વાઈસ ચેરમેન, પ્રવિણ ડી. પટેલ તેમજ એકઝીકયુટીવ કમિટીના ચેરમેન કરણસિંહ બી. વાઘેલા એક અખબારી યાદીમાં જણાવે છે કે રેવન્યુ ઓથોરીટી સમક્ષ ધારાશાસ્ત્રીઓને મહેસુલી કેસોમાં મુદત આપવામાં આવે છે તેમાં જે તે સમય રેવન્યુ ઓથોરીટીના પદાધિકારીઓ સમયમસર મળતા ન હોય અને લાંબા સમય સુધી ધારાશાસ્ત્રીઓને તે સમયે ન્યાય ન કરી મુદત આપવા ખોટી રીત બેસાડી ના રાખવા સર્વાનુમતે નિર્ણય કરવામાં આવે છે તેમજ ધારાશાસ્ત્રીઓને જે તે પ્રાંત ઓફીસાર/કલેકટરશ્રીનો ધારાશાસ્ત્રીઓને બેસવા માટે પુરતી વ્યવસ્થા આપવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી તેમજ રેવન્યુ મંત્રીશ્રી સમક્ષ માંગણી કરવામાં આવશે.

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના રોલ પર નોંધાયેલ ધારાશાસ્ત્રી પોતે વકીલ હોઈ દેશની કોઈ પણ અદાલતમાં કે ટ્રીબ્યુનલમાં પ્રેકટીશ કરી શકે છે અને ઈન્કમટેક્ષ ટ્રીબ્યુનલમાં વકીલાતની પ્રેકટીશ કરવાનો અધિકાર છે અને આવા ધારાશાસ્ત્રીઓ જીએસટી ટ્રીબ્યુનલ સમક્ષ કાર્યવાહી માટે હાજર થતી વખતે કોઈ પણ પરીક્ષા પાસ કરવાની ફરજીયાત નથી અને આ અંગે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા રજુઆત કરવામાં આવશે.

સને ૨૦૧૪માં ૫૪૩ સરકારી વકીલશ્રીઓની નિમણુંક થયેલ છે જેમાં હજી સુધી કોઈ પણ સરકારી વકીલશ્રીઓને નોકરી પર લેવામાં આવેલ નથી. લાંબા સમયથી તેમની નિમણુંક થયેલ હોવા છતાં નોકરીનો હુકમ મેળવવા વિલંબ થવાને કારણે ધારાશાસ્ત્રીઓ પારાવાર મુશ્કેલીમાં મુકાયા છે જે અંગે સરકારશ્રીને આ બાબતે તાકીદે ઘટતું કરવા જાણ કરવામાં આવશે.




તાજેતરમાં અંકલેશ્વર ખાતે યોજાયેલ રાજયકક્ષાના કલા મહાકુંભમાં ગાંધીનગરના ૬૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા મનિષાબેન ત્રિપાઠીએ ૨૨ જેટલા પ્રતિસ્પર્ધીઓ સાથેની એકપાત્રીય અભિનય સ્પર્ધામાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

# ગિયોડ ગામે સોલર સ્ટ્રીટ લાઈટની નવ બેટરીની ચોરી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર તાલુકાના ગિયોડ ગામે જુદા જુદા વિસ્તારમાં કુલ ૫૦ જેટલી સોલર સ્ટ્રીટ લાઈટો મુકવામાં આવેલ છે. ૫૦ પૈકી ૯ જેટલી સોલર સ્ટ્રીટ લાઈટની બેટરીઓની ચોરી થવા અંગે ડે. સરપંચ દ્વારા ચિલોડા પોલીસમાં રૂ. ૪૫ હજારની કિંમતની ૯ નંગ બેટરી ચોરી થવા અંગે ગુન્હો નોંધાવા પામ્યો છે.

ગિયોડ ગામમાં રહેતા મણીભાઈ જેસંગભાઈ પોતાના વિસ્તારમાં સોલર સ્ટ્રીટ લાઈટના થાંભલા પરથી બેટરી ચોરી થઈ હોવાની વાત ગ્રામ પંચાયતના ડે.સરપંચ અમરતભાઈ ગોબરભાઈ પટેલને કરી હતી. ત્યારબાદ તપાસ કરતા કુલ ૯ થાંભલા પરથી બેટરીઓની ચોરી થઈ હતી. આ બાબતે અમરતભાઈ પટેલે ચિલોડા પોલીસ સ્ટેશનમાં જઈને રૂ. ૫૦૦૦ની એમ કુલ નવ બેટરીઓ મળી કુલ રૂ. ૪૫ હજારની બેટરી ચોરી થવા અંગે અજાણ્યા શખ્સો સામે ચોરીનો ગુન્હો નોંધાવ્યો છે.

# ગુજરાતનો સાંસ્કૃતિક વારસો વિશ્વમાં અજોડ : ડેઈઝી શાહ

## ગાંધીનગરના ફોટોગ્રાફર અભિ વાલેરાની સાથે રેસની અભિનેત્રી ડેઈઝી શાહે અંબાપુરની વાવ ખાતે ફોટોશુટ કરાવ્યું

ગાંધીનગર, તા.૩૦

મને વાવ શું કહેવાય તેની સાચું કહું તો કયારેય ખબર જ ન હતી કે, વાવ એટલે શું ? પરંતુ ગુજરાતમાં આવી સૌપ્રથમવાર અહીંના સાંસ્કૃતિક વારસા અને ઐતિહાસિક ધરોહરને જોઈને મને તેનો ખ્યાલ આવ્યો અને જાણવા મળ્યું કે, વાવ શું હોઈ શકે. પગથિયાવાળા એક પ્રકારના વિશાળ કૂવા પ્રકારની વાવને જોઈને હું ઘણી જ પ્રભાવિત થઈ છું. મને લાગે છે કે, ગુજરાતનો સાંસ્કૃતિક વારસો વિશ્વમાં અજોડ અને ગૌરવપૂર્ણ છે એમ અત્રે બોલીવુડની જાણીતી અભિનેત્રી ડેઈઝી શાહે જણાવ્યું હતું. જાણીતા ફોટોગ્રાફર અભિ વાલેરા સાથે અડાલજ પાસેની અંબાપુરની વાવ ખાતે ફોટોશુટ કરાવવા માટે ખાસ ગુજરાત-અમદાવાદની મુલાકાતે આવેલી ડેઈઝી શાહે ગુજરાતના ઈતિહાસ અને સાંસ્કૃતિક વિરાસતને જોઈને રોમાંચકતાની લાગણી અનુભવી હતી અને ફરી ગુજરાતની મુલાકાતે આવી સાંસ્કૃતિક ધરોહર વિશે વધુ જાણકારી મેળવવાની ઈચ્છા વ્યકત કરી હતી. ડેઈઝીએ વધુમાં જણાવ્યું હતું કે, ફોટોગ્રાફર અભિ વાલેરાએ જયારે મને ગુજરાતના સાંસ્કૃતિક વારસાની વચ્ચે ફોટોશુટ કરવાની ઈચ્છા વ્યકત કરી ત્યારે હું ભારે ઉત્સાહ સાથે તે માટે તૈયાર થઈ ગઈ હતી કારણ કે, મને ગુજરાતની સંસ્કૃતિ અને અહીંના લોકોના ઉમળકાભર્યા પ્રેમને લઈ મને સદાય માન રહ્યું છે. અંબાપુરની વાવના ઐતિહાસિક સાંસ્કૃતિક વિરાસતને જોઈ હું બહુ જ પ્રભાવિત થઈ છું અને સાચે જ આશ્ચર્ય અનુભવું છું કે ગુજરાતનો સાંસ્કૃતિક વારસો કેટલો ગૌરવપૂર્ણ અને વિશ્વમાં અજોડ છે. નવરાત્રિને લઈ પૂછાયેલા એક પ્રશ્નના પ્રત્યુત્તરમાં આ બોલીવુડ અભિનેત્રીએ જણાવ્યું કે, નવરાત્રિના રાસ-ગરબામાં તો ગુજરાત અને ગુજરાતીઓની મોનોપોલી કબૂલવી જ પડે. અમે મુંબઈમાં રાસ-ગરબા જોઈએ તો, અહીંના ગુજરાતના ગરબા અને તેના સ્ટેપ ઘણા એડવાન્સ, આકર્ષક અને અદ્ભુત છે. મારા માટે ગુજરાતના રાસ-ગરબા હંમેશા યાદગાર રહ્યા છે. દરમ્યાન આ પ્રસંગે જાણીતા ફોટોગ્રાફર અભિ વાલેરાએ જણાવ્યું હતું કે, ઘણા વખતથી મને ગુજરાતના હેરીટેજ ફોટોશૂટ કરવાની ઈચ્છા હતી અને તેથી મેં ડેઈઝીને વાત કરી તો તેણી મારા વિચાર સાથે સમંત થઈ અને અમે આ તક ઝડપી લીધી. અંબાપુરની વાવને જ ફોટોશૂટ માટેના સ્થળ તરીકે પસંદ કરવા પાછળનું કારણ સમજાવતાં અભિ વાલેરાએ જણાવ્યું કે, ગુજરાતની ઘણી સાંસ્કૃતિક ધરોહરો લોકોમાં બહુ જાણીતી અને પ્રચલિત છે પરંતુ અમુક એવા સ્થળો અને સ્થાનો પણ છે, જે ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ વિરાસત હોવાછતાં હજુ લોકોથી અજાણ છે, તેથી અમે આ સ્થળની પસંદગી કરી. કલ્ચરલ અને હેરીટેજની વિરાસતને એકસાથે કેમેરામાં કંડારવાની ઈચ્છા પૂર્ણ થયાનો મને આનંદ છે. જો કે, આ માટે ડેઈઝીના સપોર્ટ બદલ હું ખાસ આભારી છું.



## વડાપ્રધાનનું અમદાવાદ એરપોર્ટ ખાતે ઉષ્માભર્યું સ્વાગત કરાયું

ગુજરાતની એક દિવસીય મુલાકાતે આવેલા ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું આજે અમદાવાદ એરપોર્ટ ખાતે રાજયપાલ શ્રી ઓ. પી. કોહલી, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, પ્રોટોકોલ મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, અમદાવાદના મેયર શ્રીમતી બીજલબેન પટેલ તથા મુખ્ય સચિવ શ્રી ડૉ. જે. એન. સિંઘ દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરાયું હતું.

# ચંદ્રાલા તાલુકા કક્ષાના પ્રદર્શનમાં લીંબડીયા શાળાની સજીવ ખેતી કૃતિ પ્રથમ

ગાંધીનગર, તા. ૩૦

તાલુકાના ચંદ્રાલા સ્થિત આદર્શ પ્રાથમિક શાળા ખાતે તાલુકા કક્ષાનું વિજ્ઞાન-ગણિત પર્યાવરણ પ્રદર્શન યોજાયું હતું. જેમાં લીંબડીયા પ્રા. શાળાની વિભાગ-૧માં કૃષિ અને સજીવન ખેતીએ પ્રયોગમાં પ્રથમ નંબર મેળવ્યો હતો. બાળ વૈજ્ઞાનિક રબારી જૈમિની અમરતભાઈ અને સાગર રઘુજી ઠાકોરે ભાગ લીધો હતો.



શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજીની કોમ્પ્યૂટર એન્જિનયરીંગ તેમજ ઈન્ફોર્મેશન ટેકનોલોજી બ્રાન્ચમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે તા. ૨૭-૯-૨૦૧૮ તથા તા. ૨૯-૯-૨૦૧૮ના રોજ રિસેન્ટ ટ્રેન્ડઝ ઓફ બીગડેટા પ્રોસેસીંગ ટુલ્સ એન્ડ ટેકનિકસ વિષયે બે દિવસના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. એકસ્પર્ટ લેકચર આપવા માટે વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીથી પધારેલ ડૉ. મમલા પડોલે, ડૉ. હિરેન પટેલ તેમજ અમદાવાદની પેક્ષવેર ટેકનોલોજીસથી પધારેલ મોનિકા પટેલ દ્વારા વિષય ઉપર વ્યાખ્યાન આપવામાં આવ્યા હતા. તેમના વ્યાખ્યાનમાં બીગડેટા એન્ડ હડૂપ વિશે ઉપયોગી માહિતી આપવામાં આવી હતી.

# કરપ્શનના ક્રમાંક બદલાયા : મહેસૂલને પછાડી શહેરી વિકાસ નંબર વન, પંચાયત ત્રીજાસ્થાને

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાત સરકારમાં કરપ્શનની તપાસ કરતી સંસ્થાઓ વર્ષોથી સરકારના વિભાગો તેમજ જાહેર સાહસોમાં કરપ્શન કરતાં કર્મચારીઓ સામે તપાસ ચલાવે છે. ચોંકાવનારી વિગતો એવી છે કે છેલ્લા ૨૭ વર્ષથી કરપ્શનમાં ટોચ પર રહેતા મહેસૂલ વિભાગે તેનું નંબર વનનું સ્થાન ખોયું છે. આ સ્થાન વર્ષોથી સ્પર્ધા કરી રહેલા શહેરી વિકાસ વિભાગે મેળવ્યું છે. હવે શહેરી વિકાસ વિભાગમાં સૌથી વધુ ફરિયાદો આવી રહી છે. રાજ્યના ૨૫ વિભાગો અને ૨૭ જાહેર સાહસોમાં શહેરી વિકાસ વિભાગે ૧૧૬૩ ફરિયાદો સાથે નંબર વનનું સ્થાન મેળવ્યું છે. એવી જ રીતે સરકારના બીજા નંબરના સ્થાને રહેલા મહેસૂલ વિભાગમાં પણ વિક્રમી ૧૦૪૨ ફરિયાદો નોંધાઈ છે. ગુજરાતમાં આ વિભાગો ‘વહીવટ’ કરવા માટે હોટ ફેવરીટ છે. રાજ્યમાં ત્રીજો ક્રમ ૧૦૦૨ ફરિયાદો સાથે પંચાયત વિભાગે જાળવ્યો છે. તેની સીધી સ્પર્ધા ગૃહ વિભાગ સાથે થાય છે. ગૃહમાં વિઝિલન્સના અહેવાલ પ્રમાણે આ વિભાગમાં પહેલીવાર ૮૨૯ ફરિયાદો નોંધાઈ છે. પાંચમાક્રમે ૩૦૮ ફરિયાદો સાથે આરોગ્ય વિભાગ આવે છે. સૌથી ઓછી ફરિયાદો સાયન્સ એન્ડ ટેકનોલોજી તેમજ વૈધાનિક બાબતોની છે, કારણ કે તેમાં કરપ્શન થવાના ચાન્સ ઓછા છે, રિપોર્ટ પ્રમાણે સરકારના જાહેર સાહસો પૈકી એક થી પાંચમા ક્રમે અનુક્રમે મેરીટાઈમ બોર્ડ, GIDC, પાણી પુરવઠા બોર્ડ, PGVCL અને રાજ્ય જમીન વિકાસ નિગમ આવે છે. એક વર્ષમાં કરપ્શનની ૭૫૪૧ ફરિયાદો નોંધાયેલી છે.

**સૌરભભાઇ ન્યૂ ગાંધીનગરનું પણ ધ્યાન રાખો...**

ગાંધીનગરના ગુડા વિસ્તારનો નમૂનેદાર વહીવટ રૂપાણી સરકારે આપ્યો છે. ૨૪ કલાકની અનકરપ્ટ વીજળી આપ્યાના સરકાર વાયદા તો કરે છે પરંતુ ન્યૂ ગાંધીનગરમાં ગમે ત્યારે લાઈટો જતી રહે છે. બાળકોનો અભ્યાસ બગડે છે. ગાંધીનગરનો આ વિસ્તાર સ્માર્ટ સિટીમાં આવે છે છતાં UGVCL નિયમિત વીજળી આપી શકતી નથી. આ વિસ્તારને ડેલલપ કરવા માટે ટોરન્ટ પાવરે દરખાસ્ત કરી હતી પરંતુ ઊર્જા મંત્રી સૌરભ પટેલને કોઈ રસ નથી. તેમને લોકોની યાતનાની પડી નથી, કેમ કે આ તેમનો મતવિસ્તાર નથી. આ વિસ્તારમાં લોકોને અંધારામાં રાત વિતાવવી પડે છે. ગ્રાહકો વીજળીના બીલ નિયમિત ભરે છે, જો ના ભરે તો બીજા દિવસે કનેક્શન કાપી નાંખવામાં આવે છે, પરંતુ કંપની લાઈટ ન આપે તો ગ્રાહક લાચાર બની જાય છે. ગિફ્ટ સિટી પાસે આવેલા ન્યૂ ગાંધીનગરના નાગરિકોને ખુદ સરકાર મોટી સજા કરી રહી છે. લોકો કહે છે કે, સરકારે UGVCLના બિન કાર્યક્ષમ અધિકારીઓને દુર કરવા જોઈએ અથવા આ વિસ્તારનો વહીવટ ખાનગી કંપનીને સોંપી દેવો જોઈએ.

**સચિવાલયના એ બ્રિજ કર્મચારીઓ યાદ કરે છે...**

સચિવાલયમાં જ્યારે સ્વર્ણિમ સંકુલ બન્યા ન હતા ત્યારે એક બ્લોકમાંથી બીજા બ્લોકમાં આસાનીથી જઈ શકાતું હતું પાંચમા કે ચોથા બ્લોકમાંથી આઠમા કે ૧૪મા બ્લોકમાં જવા માટે બન્ને સચિવાલયને જોડતાં બે બ્રિઝ બનાવવામાં આવ્યા હતા. બ્રિઝનું જોડાણ વિધાનસભાના બિલ્ડીંગ સાથે જોડાયેલું હતું. સ્વર્ણિમ સંકુલ બનાવ્યા ત્યારે સરકારે આ બન્ને બ્રિઝને તોડી નાંખ્યા હતા. આજે સ્થિતિ એવી છે કે ઓફિસરને એક ઈમારતમાંથી બીજી ઈમારતમાં જવું હોય તો ફરજીયાત ગાડી લઈને જવું પડે છે જે પહેલા આ બન્ને બ્રિઝ પરથી પસાર થતાં હતા. સચિવાલયની ખૂબસુરતી આ બ્રિઝના કારણે હતી પણ હવે બંન્ને ઈમારતોના હાથ કપાઈ ગયા હોય તેવું લાગે છે. આ બ્રિઝની મજબૂતાઈ એવી હતી કે તેને તોડતાં કામદારોને મહિનાઓ થયાં હતા. બ્રિઝના લોખંડના સળીયા જેટલો ઘેરાવો ધરાવતા હતા તેટલો ઘેરાવો કદાચ ગુજરાતના કોઈપણ ઓવરબ્રિઝ પણ ધરાવતા નથી. આ બ્રિઝની સામે સ્વર્ણિમ સંકુલની મજબૂતાઈ ઝાંખી પડે છે. ૨૦૦૧ના ભૂકંપ સમયે સચિવાલયની ઈમારત અડીખમ રહી હતી પરંતુ સ્વર્ણિમ સંકુલ એટલો ઝટકો ખમી શકે તેમ નથી.

**હવે તો ACBના છટકાં પણ ઓછા પડે છે...**

ગુજરાતના લાંચિયા કર્મચારીઓને પકડવા માટે એન્ટી કરપ્શનના છટકાં પણ ઓછા પડે છે. ભ્રષ્ટાચારના સરેરાશ રોજના બે કેસ પકડાય છે, એનો મતલબ એ થયો કે મહિને ૪૦ જેટલા કર્મચારીઓ લાંચ લેતા પકડાય છે. આમ જોઈએ તો છીંડે ચઢ્યો તે ચોર- પકડાય એ સજાને પાત્ર બને છે પરંતુ જે છટકી જાય એ જલસા કરે છે. એક અધિકારીએ કહ્યું હતું કે નિવૃત્તિ પછી જેની નિયુક્તિ થતી હોય છે તેવા અધિકારી કે કર્મચારીમાં કરપ્શનનું પ્રમાણ વધારે જોવા મળે છે. રાજ્ય સરકારે એસીબીને સરપ્રાઈઝ ચેકીંગ કરવાની છૂટ આપીને મેનપાવર વધારવો જોઈએ, એ ઉપરાંત લાંચ લેતા પકડાયેલા કર્મચારીને કોઈપણ સરકારી લાભ આપ્યા વિના ઘરે બેસાડવો જોઈએ. કર્મચારીઓને કરપ્શનના કેસોમાં ડર પેસી જાય તેવા પગલાંની જરૂર છે, બાકી તો ૧૦ માંથી ૮ કેસ છટકી જશે. છટકું જેટલું મજબૂત હશે તેટલો વહીવટ પારદર્શક બનશે અને કરપ્શન નિયંત્રણમાં રહેશે. સાતમું પગાર પંચ લઈને ન્યાલ થયેલા આપણા વહીવટદારો લાંચની રકમ પણ છોડતા નથી.

**વિઝિલન્સ કમિશનમાં ફરિયાદો ઓછી થાય છે...**

ગુજરાત વિઝિલન્સ કમિશન એટલે કે તકેદારી આયોગમાં અરજદારોએ ફરિયાદ કરવાનું ઓછું કરી દીધું છે. સત્તાવાર આંકડા પ્રમાણે ત્રણ વર્ષ પહેલાં આયોગમાં ૮૬૦૪ ફરિયાદો દાખલ કરવામાં આવી હતી. ત્યારપછીના વર્ષમાં ૮૪૧૨ ફરિયાદો થઈ હતી પરંતુ છેલ્લા વર્ષમાં એટલે કે ડિસેમ્બર ૨૦૧૭ના વર્ષમાં ફરિયાદો ઘટીને ૭૫૪૧ થઈ છે એટલે કે ૧૦૦૦ જેટલી ફરિયાદો ઓછી થઈ છે. ફરિયાદો ઓછી થવાનું કારણ રિઝલ્ટ મળતું નથી અને ૨૫ ટકા ફરિયાદ દફતરે કરી દેવામાં આવે છે. જો કે તકેદારી આયોગ તરફથી નિકાલ કરવાનું ધોરણ ઉંચું છે. તપાસ કરીને યોગ્ય કાર્યવાહી માટે મોકલવામાં આવી હોય તેવી ફરિયાદોની સંખ્યા ૬૫ ટકા છે, જ્યારે ૫ ટકા ફરિયાદો પ્રાથમિક તપાસ માટે જાય છે અને અન્ય ૫ ટકા ફરિયાદોમાં અરજદારો પાસેથી વધુ વિગતો મેળવવામાં આવે છે.

**આ છે પારદર્શિતાઃ ૧૪ વર્ષ છતાં તપાસ ચાલુ છે...**

ભ્રષ્ટાચારની તપાસ કરતી સંસ્થાઓ સરકારને તપાસ કરવાના આદેશ કરે છે પરંતુ સરકારના વિભાગો ખાતાકીય તપાસમાં અક્ષમ્ય વિલંબ કરતા હોય છે. આવી સૌથી વધુ ફરિયાદો પંચાયત વિભાગની મળી છે. આ વિભાગે એક કેસમાં ૧૪ વર્ષનો વિક્રમી સમય લીધો છે. રાજ્યના પંચમહાલ જિલ્લામાં રાષ્ટ્રીય સમ વિકાસ યોજના હેઠળ વાડી પ્રોજેક્ટમાં ૨૦૦૬ના વર્ષમાં સ્થળ ચકાસણી વિના કામ પૂર્ણ કર્યાનો રિપોર્ટ આપી દેવામાં આવ્યો હતો. આ ક્ષતિ અંગેનો રિપોર્ટ ૨૦૦૯માં પંચાયતને આપી દેવામાં આવ્યો હતો અને જવાબદારીને સજા કરવાની થતી હતી. અલગ અલગ તપાસ અહેવાલો વર્ષોવર્ષ મળ્યા છતાં જવાબદારોને કોઈ સજા થઈ નથી, પરિણામે પાંચ તાલુકા વિકાસ અધિકારી વય નિવૃત્ત થઈ ગયા છે. વિભાગે એક ટીડીઓ સામેની તપાસ પડતી પણ મૂકી દીધી હોવાની ગંભીર ઘટની સામે આવી છે. પ્રગતિશીલ સરકારનો આ નમૂનેદાર વહીવટ છે.

**બ્યુરોક્રેસીમાં બદલીનો નાનો રાઉન્ડ આવશે...**

ગુજરાતમાં બદલીનો નાનો રાઉન્ડ આવી રહ્યો છે જેમાં આઠ થી દસ અધિકારીઓની બદલી થાય તેવી સંભાવના છે. જીએસટી કમિશનર પી.ડી.વાઘેલાના ડેપ્યુટેશન પોસ્ટીંગ પછી આ બદલીમાં જ્યંતિ રવિ, ડી.થારા, અરૂણ સોલંકી, પંકજકુમાર, હરિત શુક્લા, પી.કે.પરમાર, સંગીતા સિંઘ, મનીષ ભારદ્વાજ તેમજ અનુપમ આનંદનો સમાવેશ થઈ શકે છે.